અપીલ અરજી નં.૧૬૭ તા.૩૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧) બી. પવન બેવરેજીસ રોડ નં.૬ ઉદ્યોગનગર, ઉધના–સુરત (૨) અમૃત આઈસ્ક્રીમ રોડ નં.૧૪ ઉધના ઉદ્યોગનગર ઉધના, સુરત. કંપનીની કાયદેસરતા કેટલી છે? લાયસન્સ લીધુ છે કે નહી? તેમજ કંપનીનો લેબ કેમીસ્ટ કોણ છે? પાણીનો લેબ રીપોર્ટ કયારે કયારે કરવામાં આવે છે? તેમજ કંપની લુઝ વોટર પેકીંગ વોટરના નિયમો પાળે છે કે નહીં તે તમામ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૬૭/૨૦૦૯–૧૦

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧) બી. પવન બેવરેજીસ રોડ નં.૬ ઉદ્યોગનગર, ઉધના–સુરત (૨) અમૃત આઈસ્ક્રીમ રોડ નં.૧૪ ઉધના ઉદ્યોગનગર ઉધના, સુરત. કંપનીની કાયદેસરતા કેટલી છે? લાયસન્સ લીધુ છે કે નહીં તેમજ કંપનીનો લેબ કેમીસ્ટ કોણ છે? પાણીનો લેબ રીપોર્ટ કયારે કયારે કરવામાં આવે છે? તેમજ કંપની લુઝ વોટર પેકીંગ વોટરના નિયમો પાળે છે કે નહીં? તે તમામ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ દિન–૧૧ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૩૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૭ તા.૮–૯–૦૯ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારનીઆઈ ડી. નં.૨૧૭/૬૦૦ તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧) બી. પવન બેવરેજીસ રોડ નં.૬ ઉદ્યોગનગર, ઉધના–સુરત , કંપનીની કાયદેસરતા કેટલી છે? લાયસન્સ લીધુ છે કે નહીં? તેમજ કંપનીનો લેબ કેમીસ્ટ કોણ છે પાણીનો લેબ રીપોર્ટ કયારે કયારે કરવામાં આવે છે. તેમજ કંપની લુઝ વોટર પેકીંગ વોટરના નિયમો પાળે છે કે નહી? (૨) અમૃત આઈસ્ક્રીમ રોડ નં.૧૪ ઉધના ઉદ્યોગનગર ઉધના, સુરત. કંપની ફુડ વિભાગના કાયદા પ્રમાણે પેકીગ ડેઈટ મારે છે કે નહી તે જણાવવા વિનંતી તથા લાયસન્સ લીધુ છે કે નહી?( કંપની હાલમાં છેલ્લા બે વર્ષથી ચાલુ છે) તે જણાવશો. અગાઉ પેકીંગ ડેઈટ વગરની આઈસ્ક્રીમ પેકેટનો ફોટો ક્રાંતિધર્મમાં છાપવામાં આવેલ છે તો ત્યાર બાદ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહી તેની માહિતી આપવા બાબતે અરજી કરવામાં આવેલ. જે સાઉથઝોન આરોગ્ય/આં.ન.૩૩૮ તા.૩૦–૭–૦૯ ના રોજ આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને કલમ–૬(૩) હેઠળની નિયત અવધિ બાદ વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૧–૮–૦૯ ના રોજ દિન–૧૧ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. અને નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ અપીલ તબકકે પણ પૂરક વિગતોમાં કોઈ બાબત જણાવવામાં આવેલ નથી.

અરજદારે મુળ અરજીથી (૨) પૈકી ઉત્તરાર્ધ ભાગમાં અગાઉ ક્રાંતિધર્મમાં ફોટો છપાયેલ" તેવું જણાવેલ છે. પરંતુ તેવી વિગતો જાહેર માહિતી અધિકારીને મોકલ્યાના કોઈ આધાર અપીલ તબકકે અત્રે રજૂ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૯ – ૦૯

***ડે.કમિશ્નર(જન.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) .... જાણ તથા અમલ માટે

(૨) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ